ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧ ની કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની જગ્યા માટે સીધી ભરતીથી પસંદગી પામેલ ઉમેદવારોને કાર્યપાલક ઈજનેર (સીવીલ) તરીકે અજમાયશી ધોરણે નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ,
અધિસૂચના ક્રમાંક: જીએબી/૧૧/૨૦૧૮/૧/ઈ
સચિવાલય, ગાંધીનગર
તા:૦૮/૦૩/૨૦૧૯

**વંચાણે લીધા:** (૧) ગુજરાત જાહેર સેવા આયોગના પત્ર ક્રમાંક: આરસીટી-૨૦૧૬-૧૯૧-આર.૧, તા.૨૪/૧૨/૨૦૧૮.
(૨) આ વિભાગના ઠરાવ ક્રમાંક: ઈ.એસ.ટી.-૧૩૨૦૧૮-૦૧-ઈ.૪, તા.૩૧/૦૧/૨૦૧૯

**અધિસૂચના:**

આ વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧માં કાર્યપાલક ઈજનેર(સીવીલ) વર્ગ-૧ની જગ્યાઓ ઉપર સીધી પંસદગીથી ભરતી માટે ગુજરાત જાહેર સેવા આયોગની જાહેરાત ક્રમાંક:૩૯/૨૦૧૭-૧૮ અન્વયે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે ગુજરાત જાહેર સેવા આયોગના.તા.૨૪/૧૨/૨૦૧૮ ના ખાનગી પત્ર ક્રમાંક:આરસીટી-૨૦૧૬-૧૯૧-આર.૧ થી ઉમેદવારોની નિમણૂક માટે ભલામણ કરવામાં આવેલ છે. આયોગની ભલામણ અન્વયે આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** માં દર્શાવેલ ઉમેદવારોને ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧માં કાર્યપાલક ઈજનેર (સીવીલ)ની જગ્યાએ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ખાતે તાલીમના સમયગાળા અથવા અજમાયશી સમયગાળા બંનેમાંથી જે વહેલું હોય તેટલા સમયગાળા પૂરતી જ નિમણૂક આપવામાં આવે છે. આ અધિસૂચનાના આધારે તેઓએ નિયમોનુસાર તાત્કાલિક ધોરણે નિમણૂકવાળી જગ્યાએ (સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર ખાતે) સ્વખર્ચે ફરજ પર હાજર થવાનું રહેશે. તેઓ જે તારીખથી ફરજ પર હાજર થાય તે તારીખથી ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧માં કાર્યપાલક ઈજનેર(સીવીલ) તરીકે ૨(બે) વર્ષના અજમાયશી સમય માટે આર.ઓ.પી-૨૦૧૬ મુજબ લેવલ-૧૧ માં લઘુત્તમ પગાર રૂ.૬૭,૭૦૦/- અને મહત્તમ પગાર રૂ.૨,૦૮,૭૦૦/-ના પગાર ધોરણમાં પ્રવર્તમાન નિયમો પ્રમાણે મળવાપાત્ર ભથ્થાઓ સહિત તદ્દન હંગામી ધોરણે આ વિભાગના તા.૩૧.૦૧.૧૯ ના વંચાણે લીધા ક્રમ:(૧)ના ઠરાવથી ઉભી કરવામાં આવેલ સંખ્યાધિક (supernumerary) જગ્યાઓ પર કાર્યપાલક ઈજનેર(સીવીલ), વર્ગ-૧ તરીકે નીચે જણાવેલ શરતોને આધીન નિમણૂક આપવામાં આવે છે.

**શરતો:**

૧. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૦૧/૧૯૬૯ તથા તા.૧૨/૦૧/૧૯૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસસી/૧૦૬૮/૬૫૬૪/જી તેમજ તા.૧૯/૦૯/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: વીસીએ/૧૦૨૦૧૬/૪૨૯૫૪૭/ગ-૨ ની જોગવાઈ અનુસાર ઉમેદવારોએ સંબધિત સત્તાધિકારી પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂંક અને પૂર્વ વૃત્તાંત પ્રમાણપત્ર તથા ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨ના ચેપ્ટર-૩ ના નિયમ-૧૧ મુજબ તબીબી પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. આ પ્રમાણપત્રોમાં તેઓની નિમણૂક માટેની યોગ્યતા અંગે કશું વિરુદ્ધ નહીં હોવાની શરતે, ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વ વૃત્તાંત પ્રમાણપત્ર વધુમાં વધુ ૬(છ) માસમાં તથા શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર ૨(બે) માસમાં રજૂ કરવાની શરતે તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આ નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની લેખિત બાંહેધરી તેઓએ હાજર થતા પહેલા આ વિભાગને આ સાથે બિડેલ પરિશિષ્ટ-૨(બાંહેધરી પત્રક)માં આપવાની રહેશે. તબીબી તપાસમાં ઉપસ્થિત થવા નિયામકશ્રી, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર તરફથી સંબધિત ઉમેદવારોને અલાયદી જાણ કરવામાં આવશે. ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વ વૃત્તાંત કે શારીરિક યોગ્યતા અંગેના પ્રમાણપત્રોમાં જો તેઓ અયોગ્ય પૂરવાર થશે તો આ અધિસૂચના થી આપેલ નિમણૂકનો અંત લાવવામાં આવશે.

૨. ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૧ માં સીધી ભરતીથી નિમણૂક મેળવનાર કાર્યપાલક ઇજનેર(સી) માટે તાલીમ તેમજ ક્ષેત્રિય તાલીમની યોજના નિયામકશ્રી, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ગાંધીનગર દ્વારા નક્કી કરવામાં આવે તે તમામ અજમાયશીઓને બંધનકર્તા રહેશે.

૩. આ ઉમેદવારોએ આ હુકમની તારીખથી નિયત સમય મર્યાદાની અંદર નિમણૂકની જગ્યા તથા ક્ષેત્રિય તાલીમની જગ્યાએ પોતાના ખર્ચે હાજર થવાનું રહેશે. તાલીમમાં હાજર થવા માટેની સમય મર્યાદા વધારવામાં આવશે નહીં. તાલીમ માટે નિયત તારીખે હાજર થવામાં નિષ્ફળ નીવડે તેવા ઉમેદવારો ગુજરાત ઇજનેરી સેવામાં જોડાવા ઇચ્છતા નથી તેવું સ્પષ્ટપણે માની લઇને તેઓની નિમણૂક રદ કરવામાં આવશે સિવાય કે તેઓની કાબૂ બહારના હોય તેવા અસાધારણ સંજોગો / કારણો અંગે સરકારને ખાતરી થતાં નિયત તારીખ બાદ હાજર થવાની પરવાનગી આપવામાં આવશે.

૪. આ ઉમેદવારોને ૨(બે) વર્ષ માટે તદ્દન હંગામી અને કામચલાઉ રીતે અજમાયશી ધોરણે નિમણૂક આપવામાં આવે છે. તેઓએ ૨(બે) વર્ષનો અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો કર્યા બાદ તેઓને ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૧માં કાર્યપાલક ઇજનેર(સીવીલ), વર્ગ-૧ની જગ્યા પર લાંબાગાળાના ધોરણે નિયુક્તિ આપવા વિચારણા કરવામાં આવશે.

૫. અજમાયશી સમય દરમ્યાન તેઓનો મુકરર પગાર રૂ.૬૭,૭૦૦/-(અંકે રૂપિયા સડસઠ હજાર સાતસો પૂરા) રહેશે. ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨ની જોગવાઇઓ મુજબ આવા અજમાયશી કાર્યપાલક ઇજનેર(સીવીલ)ની નિયુક્તિ ખાસ પગાર ધરાવતી જગ્યા પર કરવામાં આવશે તો તેઓ નિયમ મુજબ તે જગ્યાના તેમને મળવાપાત્ર ખાસ પગાર મેળવવાને પાત્ર થશે. અજમાયશી સમય સંતોષકારક રીતે પૂરો કર્યા બાદ તેમનો પગાર નક્કી કરવા માટે અજમાયશી સમયને ઇજાફાના હેતુ માટે ફરજ તરીકે ગણવામાં આવશે. આ ઉમેદવારોમાંથી જેઓ હાલ ગુજરાત સરકારની નોકરીમાં છે તેઓના પગાર, રજા, પેન્શન વગેરે ગુજરાત મુલ્કી સેવા નિયમો, ૨૦૦૨ની જોગવાઇને આધીન રહેશે.

૬. અજમાયશી સમય દરમ્યાન આ ઉમેદવારો ગુજરાત મુલ્કી સેવા નિયમો,૨૦૦૨ હેઠળ પ્રથમ વર્ગના અધિકારીને મળતા મુસાફરી ભથ્થા, ઘરભાડા ભથ્થા, સ્થાનિક ભથ્થા ઇત્યાદિ મેળવવાને પાત્ર થશે તેમજ તેમના પગાર ભથ્થા, મળવાપાત્ર પેશગીઓ તેમજ શિસ્ત અને વર્તણૂંકને લગતી બાબતો વગેરે સરકારે વખતોવખત નક્કી કરેલા નિયમોની જોગવાઇને આધીન રહેશે.

૭. આ ઉમેદવારોએ ગુજરાત સરકારના કાર્યક્ષેત્ર હેઠળ કોઇપણ જગ્યાએ સેવાઓ આપવાની રહેશે. તેઓની નોકરી બદલીપાત્ર છે અને સરકારને જરૂર જણાય તે પ્રમાણે તેઓની બદલી કરી શકશે.

૮. આ ઉમેદવારોએ જે-તે સમયે અમલમાં હોય તેવા સરકારી નિયમોને આધીન નિયત કરેલ ધોરણસર(Level)ની ગુજરાતી, હિન્દી તેમજ ખાતાકીય કે ધંધાકીય પરીક્ષા જો હોય તો તેમાં ઉત્તીર્ણ થવાનું રહેશે. જે ઉમેદવારોની માતૃભાષા ગુજરાતી ન હોય તેઓએ સરકારે નિયત કરેલા ધોરણ(Level) મુજબની ગુજરાતી ભાષાની પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. આ ઉમેદવારો જો ૧(એક) વર્ષથી ઓછી સેવા કર્યા બાદ રાજીનામું આપવાની ઇચ્છા ધરાવે તો તેવા કિસ્સામાં ૭(સાત) દિવસની નોટીસ તથા ૧(એક) વર્ષથી વધુ સરકારી સેવા કરી હોય તો તેવા કિસ્સામાં ૧(એક) માસની નોટીસ આપીને સરકારી સેવામાંથી રાજીનામું આપી શકાશે, તેમજ જે-તે સમયે પ્રવર્તમાન નિયમોને આધીન રહીને ૧(એક) માસની આગોતરી ખબર આપીને સરકાર પણ આ ઉમેદવારની નોકરીનો અંત લાવી શકશે.

૧૦. આ ઉમેદવારો કાર્યપાલક ઇજનેર(સીવીલ) વર્ગ-૧ તરીકેનો હવાલો સંભાળે તે પહેલા અજમાયશી તરીકે પ્રત્યક્ષ તાલીમ દરમ્યાન કરેલ પ્રગતિ સંદર્ભે તેઓની હાજર થયા તારીખથી ૨(બે) વર્ષ સુધી દરેક વર્ષે તેમની કામગીરીના મૂલ્યાંકન અહેવાલો (Appraisal Report) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંક:-પીઆરઓ-૧૦૮૯-૫૦૬૮-ગ-૨ અન્વયે નિયત કરેલ પત્રકમાં ૩(ત્રણ) નકલમાં સરકારશ્રીને નિયમિત મોકલવાનું કાર્ય અજમાયશીની જે જગા સામે ફાળવણી/નિમણૂક કરવામાં આવી છે તે જગાના સત્તાધિકારીએ જ કરવાનું રહેશે. જેથી દરેક સંબધિત સત્તાધિકારીએ આ બાબતે અંગત ધ્યાન આપી સૂચવ્યા પ્રમાણેની કાર્યવાહી થાય તેની કાળજી રાખવી. અહેવાલો રજી.એ.ડી.થી અથવા રુબરુમાં મોકલવાના રહેશે જેથી ટપાલમાં ગેરવલ્લે જવાનો સંભવ ન રહે. તેમજ સામાન્ય વહીવટ

વિભાગના તા.૩૦/૦૩/૧૯૮૯ના પરિપત્ર ક્રમાંકઃ-પીઆરઓ-૧૦૮૧-૧૭-૯-ગ-૨ અન્વયે આપવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

૧૧. આ ઉમેદવારો નિયત પરીક્ષા, નિયત કરેલ સમયમર્યાદામાં અને નિયત તકોમાં ઉત્તીર્ણ કરવામાં નિષ્ફળ જશે અને/અથવા અજમાયશી સમય દરમ્યાનની કામગીરી અંગે ઉપરી અધિકારીઓએ મોકલાવેલા અહેવાલના આધારે અજમાયશી સમય દરમ્યાનની તેમની સેવા/કામગીરી સક્ષમ સત્તાધિકારીને સંતોષકારક નહિ જણાય તો :-

(અ) અજમાયશી સમય દરમ્યાન કોઇપણ નોટિસ આપ્યા વગર તાત્કાલિક અસરથી તેઓની નોકરીનો અંત લાવવામાં આવશે. આમ. અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી અને કામચલાઉ **(Purely temporary)** ગણાશે. **અથવા**

(બ) અજમાયશી મુદત લંબાવવાનો પ્રસંગ ઉપસ્થિત થયે જે તે કેસના ગુણદોષના આધારે વિચારણા કરવામાં આવશે. આ અંગે અલગથી હુકમ કરવામાં આવશે.

૧૨. આ ઉમેદવારોએ, સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:-સીડીઆર-૧૧૮૬-યુઓ-૨૨૪૪-ગ.૨ માંની સૂચનાઓ મુજબ ગુજરાત ઇજનેરી સેવા, વર્ગ-૧ માં હાજર થતી વખતે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૨ (બાંહેધરી પત્રક) ના નમૂના મુજબ સોગંદ લેવાના રહેશે. સોગંદ લીધા સિવાય કોઇને નોકરીમાં હાજર થવા દેવામાં આવશે નહિ.

૧૩. આ ઉમેદવારોએ ફાળવણી/નિમણુંકવાળી જગ્યાએ હાજર થતા પહેલા જો તેઓ અગાઉની સરકારી કે અર્ધસરકારી નોકરીમાં હોય તો તે સેવામાંથી તેઓને છૂટા કરવામાં આવ્યા છે/ફરજ મુકત કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ (રીલીવ ઓર્ડર) હાજર થતી વખતે રજૂ કરવાનો રહેશે.

૧૪. જે ઉમેદવારો હાલ નોકરીમાં ચાલુ હોય અને જેમણે અરજીપત્ર સાથે કે રૂબરૂ મુલાકાત વખતે આયોગમાં પોતાની કચેરીનું **''ના વાંધા પ્રમાણપત્ર'' (N.O.C.)** રજૂ ન કર્યું હોય તો તેમણે નિમણૂક પામતાં પહેલા સબંધિત અધિકારીશ્રી સમક્ષ **''ના વાંધા પ્રમાણપત્ર''** રજૂ કરવાનું રહેશે.

૧૫. આ ઉમેદવારોએ ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ ની જોગવાઇઓ અનુસાર અજમાયશી સમય દરમ્યાન CCC+ ની પરીક્ષા પાસ કરવાની રહેશે. અજમાયશી સમય દરમ્યાન જો તેઓ આ પરીક્ષા પસાર નહીં કરે તો તેઓનો નિયમાનુસાર અજમાયશી સમય લંબાવવામાં આવશે અને આ લંબાવેલ સમય દરમ્યાન પણ તેઓ જો આ પરીક્ષા પાસ નહીં કરે તો તેમની સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પસાર કર્યે તેઓને સેવામાં પરત લેવામાં આવશે. તે મતલબની લેખિત બાંહેધરી તેઓએ નિમણૂકની કચેરીમાં હાજર થતાં પહેલા સાથે બિડેલ પરિશિષ્ટ-૨(બાંહેધરી પત્રક-૧) મુજબ આપવાની રહેશે.

૧૬. આ ઉમેદવારોનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ થયા બાદ તેમની નિમણૂક નિયમિત ધોરણે થયેલી ગણાશે અને ત્યારબાદ જે-તે સમયે પ્રવર્તમાન નિયમો અને સંજોગોને આધીન ઉભયપક્ષે નોટિસ ગાળામાં જાણ કરીને સબંધિત ઉમેદવારોની સેવાનો અંત લાવી શકાશે.

૧૭. આ ઉમેદવારોની સેવાઓ જાહેર હિતમાં જરૂરી જણાયેથી રાજ્ય સરકાર દ્વારા અન્ય વિભાગ કે રાજ્ય સરકાર હસ્તકના નિગમ, બોર્ડ કે કોર્પોરેશન હેઠળ પ્રતિનિયુકિતના ધોરણે ફાળવી શકાશે.

૧૮. કાર્યપાલક ઇજનેર(સીવીલ)ની જગ્યા પર નિમણૂક માટે પસંદગી પામેલ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો પૈકી જે ઉમેદવારોના અનુ સૂચિત જનજાતિ પ્રમાણપત્રો કામચલાઉ રીતે માન્ય ગણેલ છે તેઓને આદિજાતિ વિકાસ વિભાગના તા.૨૮/૫/૨૦૧૦ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮ના ઠરાવની જોગવાઇ અનુસાર જાતિ પ્રમાણપત્રની ખરાઇ સક્ષમ સત્તાધિકારી/વિશ્લેશણ સમિતિ (Scrutineer committee) સમક્ષ કરાવવાની શરતે નિમણૂંક આપવામાં આવેલ છે. જો વિશ્લેષણ સમિતિ (Scrutineer committee) દ્વારા જાતિ પ્રમાણપત્રની ચકાસણી બાદ અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્રમાં કોઇ વાંધાકારક હકીકત જણાશે તો પસંદગી પામેલ ઉમેદવારની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે. જે ઉમેદવારો દ્વારા જાતિ પ્રમાણપત્ર રજૂ કરેલ નથી તેવા ઉમેદવારોની નિમણુંકની

કાર્યવાહી ખરાઇ માટે પ્રમાણપત્રો રજૂ કરેથી તેની ચકાસણી બાદ હાથ ધરવામાં આવશે. અનુસૂચિત જનજાતિના ઉમેદવારે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૩(બાંહેધરી પત્રક-૨) ના નમૂનામાં બાંહેધરી આપવાની રહેશે.

૧૯. આ ઉમેદવારોએ નિમણૂકના સ્થળે હાજર થતી વખતે આ સાથે બિડેલ પરિશિષ્ટ-૪(Security Bond) મુજબના જામીનખતનાં નિયત નમૂનામાં લેખ/કરાર કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે તેઓ (ક) ઠરાવેલો તાલીમ અભ્યાસક્રમ પૂરો કરી ન શકે અથવા (ખ) સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પૂરી કરી ન શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિતની મૂળ નિમણૂકની તારીખથી ૩ વર્ષની સેવા પૂર્ણ થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે એમને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકેની તેમની નિમણૂકને પરિણામે તેમની તાલીમની મુદત દરમ્યાન સરકારે ચૂકવેલા પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનો સંયુક્ત અને અલગ રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહીં આવેલ રકમ જમીન મહેસુલની બાકી તરીકે વસુલ કરી શકાશે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.**

(કોમલ ભટ્ટ)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

**બિડાણ:**

(૧) પરિશિષ્ટ-૧
(૨) પરિશિષ્ટ-૨(બાંહેધરી પત્રક-૧)
(૩) પરિશિષ્ટ-૩(બાંહેધરી પત્રક-૨)
(૪) પરિશિષ્ટ-૪(Security Bond)

**પ્રતિ,**
પરિશિષ્ટ-૧ મુજબના સંબંધિત અધિકારીઓ.

પ્રતિ,

- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત મદદનીશશ્રી, , સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ(ગ.૨ શાખા), સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર-(પત્ર દ્વારા).
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫, સર્કલ, સેકટર-૧૭, ગાંધીનગર (અધિસૂચનાની અમલવારી સારૂ)
- સંયુક્ત નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા (ગેરી), વડોદરા.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રી (પંચાયત મા.મ.વર્તુળ, સહિત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.
  - ઉકત અધિસૂચના સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા અને તેની નકલ આ વિભાગને મોકલી આપવા વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, ઇ, ઇ.૩, ઇ.૨, ઇ.૧, ક, ક.૧, બજેટ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, HRMS Cell, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સિલેકટ ફાઇલ-૨૦૧૯.
- શાખા સિલેકટ ફાઇલ-૨૦૧૯.

પરિશિષ્ટ-૧

માર્ગ અને મકાન વિભાગની તા.૦૮/૦૩/૨૦૧૯ની

અધિસૂચના ક્રમાંક:જીએબી / ૧૧-૨૦૧૮/૧/ઇ નુ બિડાણ

| SR. NO. | MERIT NO. | NAME OF CANDIDATES | CATEGORY |
|---|---|---|---|
| 1 | 1 | Mr. NAINISH MUKESHCHANDRA NAYKAWALA | SEBC (selected as general candidate) |
| 2 | 2 | Mr. RAMESH MAHENDRA SHARMA | GENERAL |
| 3 | 3 | Mr. ANKIT NIRBHAY SINGH BHADORIA | GENERAL |
| 4 | 4 | Mr. SHIRISH KUMAR AJAY KUMAR SINGH SINGH | GENERAL |
| 5 | 5 | Mr. KARANSINGH PRADEEP TATER | GENERAL |
| 6 | 6 | Mr. SURESHKUMAR BHAGWANRAM PUROHIT | GENERAL |
| 7 | 8 | Mr. HITESHBHAI JAYANTIBHAI SOLIYA | GENERAL |
| 8 | 21 | Mr. HETSAV JAYESHKUMAR DHOLAWALA | SEBC |
| 9 | 28 | Ms. RASHIKA KAPIL SRIVASTAVA | GENERAL |
| 10 | 29 | Ms. SAKINA KUTBUDDIN VAHORA | GENERAL |
| 11 | 46 | Ms. RIA PRAKASHCHANDRA MODI | SEBC |
| 12 | 54 | Mr. LALJIBHAI DHANRAJBHAI CHAUDHARY | SEBC |
| 13 | 55 | Mr. SMITKUMAR DINESHBHAI CHAUDHARY | SEBC |
| 14 | 68 | Mr. SAHASKUMAR PRIYAVADAN PATEL | SEBC |
| 15 | 77 | Mr. DIGVIJAY KANUBHAI SOLANKI | SC |
| 16 | 159 | Mr. KRUNAL MANISHKUMAR PATEL | ST |

(કોમલ ભટ્ટ)
નાયબ સચિવ
માર્ગ અને મકાન વિભાગ

## પરિશિષ્ટ–૨

## બાહેંધરી પત્રક-૧

**માર્ગ અને મકાન વિભાગની તા.૦૮/૦૩/૨૦૧૯ ની સરકારી અધિસૂચના ક્રમાંકઃ જીએબી/૧૧૨૦૧૮/૧/ઇ નું બિડાણ**

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંકઃ ૩૯/૨૦૧૭–૧૮ ના અનુસંધાને ગુજરાત ઇજનેરી સેવા વર્ગ–૧, કાર્યપાલક ઇજનેર(સીવીલ) ની જગ્યાએ ભરતી કરવા સારું યોજાયેલ સંયુક્ત સીધી ભરતીથી પસંદ થયેલ ઉમેદવારોને કાર્યપાલક ઇજનેર (સીવીલ) (વર્ગ–૧) ની જગ્યાએ માર્ગ અને મકાન વિભાગની તા. ૦૮/૦૩/૨૦૧૯ની અધિસૂચના ક્રમાંકઃ **જીએબી/૧૧૨૦૧૮/૧/ઇ** થી કાર્યપાલક ઇજનેર (સીવીલ) તરીકે મારી નિમણૂકનો હુકમ મને આપવામાં આવેલ છે તેમાં દર્શાવેલ શરતો મુજબ હું નીચે સહિ કરનાર શ્રી................................................................................. ભલામણ યાદી ક્રમાંક**.......................** રહેવાસી ગામ .................. તાલુકો......................... જિલ્લો...........................પુરતી સમજદારી પૂર્વક આથી લેખીત બાંહેધરી આપુ છું કે, (૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬–૦૧–૬૯ તથા તા.૧૨–૦૧–૭૦ ના પરિપત્રો ક્રમાંકઃ–પીએસી–૧૦૬૮–૬૫૬૪–જી તેમજ તા. ૧૯–૯–૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક વીસીએ–૧૦૨૦૧૬– ૪૨૯૫૪૭–ગ.૨ માંની જોગવાઇ અનુસાર કાર્યપાલક ઇજનેર (સીવીલ) (વર્ગ–૧) તરીકેની મારી નિમણૂક નિયમાનુસાર આવશ્યક તબીબી તપાસ તેમજ ચારીત્ર્ય અને પૂર્વવૃતાંત અંગેની પોલીસ તપાસને આધીન રહેશે, તે મને સ્વીકાર્ય છે તે વિના મને અજમાયશી કાર્યપાલક ઇજનેર (સીવીલ) વર્ગ–૧ ની જગ્યા ઉપર તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આપવામાં આવેલ આ નિમણૂકના અનુંસંધાને, ત્યારબાદ તબીબી તપાસ અને પોલીસ તપાસ કરાવતા જો તે સંતોષકારક નહી જણાય અગર તેમાં કોઇ વાંધાજનક હશે તો મને આપવામાં આવેલ હંગામી નિમણૂક કોઇપણ જાતની નોટીસ આપ્યા વિના અને કોઇપણ જાતના કારણો દર્શાવ્યા સિવાય સમાપ્ત કરવામાં આવશે, તે મને સ્વીકાર્ય છે.

૨. અજમાયશી કાર્યપાલક ઇજનેર (સીવીલ) વર્ગ–૧ના અધિકારીઓની (તાલીમ આપવાને અને તાલીમ પછીની પરીક્ષાને પાસ કરવાને લગતી સેવાની શરતો બાબતના) નિયમો ૧૯૮૦ મુજબ તાલીમાંત પરીક્ષા નિયત તકમાં અને નિયત સમય મર્યાદામાં પાસ કરવાની રહેશે. અને જો હું નિયત સમય મર્યાદામાં તથા તકમાં આ પરીક્ષા પાસ કરી શકીશ નહીં તો મારી સેવા ઉક્ત નિયમોમાં દર્શાવ્યા મુજબ સમાપ્ત કરવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારું છું, અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૩ વધુંમાં ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ ના નિયમ–૯ ની જોગવાઇ મુજબ અજમાયશી સમય દરમ્યાન સી.સી.સી.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. અન્યથા મારો અજમાયશી સમય લંબાવી શકાશે અને તે સમય દરમ્યાન પણ જો હું આ પરીક્ષા પાસ કરીશ નહી તો ઉક્ત નિયમોમાં દર્શાવ્યા મુજબ મારી સેવા સમાપ્ત કરવામાં આવશે અને ઉક્ત પરીક્ષા પાસ કર્યે મને સેવામાં પરત લેવામાં આવશે, તે જાણી સમજીને આ નિમણૂક સ્વીકારું છું અને આ શરત મને સ્વીકાર્ય તથા બંધનકર્તા છે.

૪ અજમાયશી સમય દરમ્યાનની મારી સેવા સંતોષકારક નહી જણાય તો અજમાયશી સમય દરમ્યાન કોઈપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી મારી નોકરીનો અંત લાવવામાં આવશે, તે હું જાણી, સમજીને આ નિમણૂક સ્વીકારૂં છું તથા આ શરત મને સ્વીકાર્ય અને બંધનકર્તા છે.

રાજ્યપત્રિત અધિકારીની સાક્ષીની રૂબરૂમાં

..........................................................

(ઉમેદવારની સહી અને તારીખ)

સ્વીકાર્યું તે અંગે નિયામકશ્રી/

ખાતાના વડાની સહી અને સિક્કો

પુરૂ નામ:-

સરનામુ:-

મોબાઈલ નં.

ઈ. મેઈલ:-

તારીખ:

પ્રતિ,
નિયામકશ્રી
સ્ટાફ ટ્રેનિંગ કોલેજ,
ગાંધીનગર.

## પરિશિષ્ટ-૩

## બાહેધરી પત્રક-૨

**માર્ગ અને મકાન વિભાગની તા.૦૮/૦૩/૨૦૧૯ ની સરકારી અધિસૂચના ક્રમાંકઃ જીએબી/૧૧૨૦૧૮/૧/ઇ નું બિડાણ**

આથી હું........................................................ મેરીટ ક્રમાંક: ..........ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત ક્રમાંકઃ ૩૯/૨૦૧૭-૧૮ ના અનુસંધાને ગુજરાત ઇજનેરી સેવા વર્ગ-૧, કાર્યપાલક ઇજનેર(સીવીલ) ની જગ્યા પર અનુસૂચિત જન જાતિના ઉમેદવાર તરીકે નિમણૂક મેળવ્યા બાદ સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૭/૨૦૦૦ તથા આદિજાતિ વિભાગના તા.૨૮/૫/૨૦૧૦ અને સા.વ.વિભાગના તા.૨૨/૧૦/૨૦૧૮ના ઠરાવની જોગવાઇ અનુસાર અનુસૂચિત જન જાતિના જાતિ પ્રમાણપત્રની ખરાઇ કરાવવા અંગે સંમતિ આપુ છું. જો સરકારશ્રી દ્વારા જાતિ પ્રમાણપત્રની ખરાઇ દરમ્યાન કોઇ વાંધા લેવામાં આવશે તથા સરકારશ્રી દ્વારા મારી નિમણૂંક રદ કરવાનો નિર્ણય લેવામાં આવશે તો તે મને બંધનકર્તા રહેશે. જેની હું બાંહેધરી આપુ છું.

..........................................................

(ઉમેદવારની સહી અને તારીખ )

પુરૂ નામ:-

સરનામુ:-

મોબાઇલ નં.

ઇ. મેઇલ:-

તારીખ:

સાક્ષીના નામ તથા સહી:

૧..................................

૨..................................

પરિશિષ્ટ - ૪

**APPENDIX-IV**

**SECURITY BOND**

Know all men by these Present that I.............................................................................a candidate selected for appointment to the postof...........................................in accordance with the rules contained in Government notification, ............................................... Department, No. .......................................dated the ......................................................(hereinafter referred to as "the rules")an held and firmly bound up to the Governor of Gujarat exercising the executive power of the Government of the State of Gujarat (hereinafter referred to as "the Government" which expression shall, unless the context otherwise requires, include his successors in office and assigns) in the amount equal to pay and allowances paid to me by Government during my training plus amount prescribed by government from time to time towards the cost of training imported to me by the Institute. Being an expenditure incurred by Government on my training and which is to be paid to the Government for which payment, well and truly to be made I bind. Myself, my heirs, executors, administrators and legal representatives by these present.......................................................Whereas I am required under the rules to execute a bond for refund to the Government of the amount equal to pay and usual allowances drawn by me during the training in the event of my (a) failure to complete the prescribed training course, or (b) failure to appear in the pre-Service examination, or (c) failure to comply with any of the provision of the probation rules, if any, to the satisfaction of Government, or (d) quitting service before the completion of the period of 3 years from the date of my regular appointment on satisfactory completion of the probation period. Now, the condition of the above written bond is that, if, I dully and faithfully observe and performed the stipulations and condition on my part to be observed and performed as contained in the said rules (which rules shall be deemed to from part of these presents), then the above written bond shall be void, otherwise the same shall remain in full force and effect; Provided that without prejudice to other right or remedies, it shall be open to the Government to recover the amount payable under this bond as arrears of land revenue .

In witness whereof I here to set my hand this day..........................................................................................

....................................of ...........................2019

Signed and delivered by the above named in the presence of: --

Signature.

(1) Signature and full address.
(2) Signature and full address.

**SURETY**

We.............................................................................................................................................

...................................................

And...........................................................................................................................................

...................................................

Residing at.......................................in taluka ....................................District.............................

Declare ourselves sureties for the above named .........................................................................

(hereinafter referred to as "the candidate") and guarantee that the candidate shall do and perform all that he has undertaken to do and perform and in case of his (1) failure to complete

the prescribed training course or (2)failure to appear in the Pre-Service examination, or (3) failure to comply with any of the provision of the probation rules, if any, to the satisfaction of Government, or (4)quitting service before the completion of the period of 3 years from the date of his regular appointment on satisfactory completion of the probationary "period", we hereby bind ourselves jointly and severally to forfeit to the Government of Gujarat exercising the executive power of the Government of State of Gujarat (hereinafter referred to as "the Government") the amount equal to the pay and allowances paid to him by the Government during his training plus amount prescribed by Government from time to time toward the cost of training imported to him by the Institute. Being an expenditure incurred by Government on his training in which the candidate has bound himself and we agree that the Government may, without prejudice to other right or remedies available to the Government recover the said amount from us as arrears of land revenue; and we also agree that any variation to the terms and conditions specified in the said rules will not discharge of our liability to pay the said amount and for the purpose of enforcement of our liability under this agreement, our liability will be joint and Several with that of the candidate.

Dated this ..............................day of ..............................2019. Signed and delivered by the said

Signature of Surety

At......................................this Day........................................2019.

Signature of Surety.
Full address and occupation

Signature of Surety. Full address and occupation. In the presence of:

Signature, full address and
Occupation of witness:

Signature, full address and
Occupation of witness: